**આંક– ૦૧ તળે હુકમ :**

---

**૧.** આ કામે કેસનું રેકર્ડ જોતાં ફરીયાદી દ્વારા હાલની ફરીયાદ **વર્ષ–૧૯૯૭** થી દાખલ કરેલ હોય અને ત્યારબાદ વર્ષ–૨૦૦૮ માં ગુજરાત રાજયની વડી અદાલત દ્વારા તા.૧૬.૦૫.૨૦૦૮ ના રોજ ઓફીસીયલ લીકવીડેટર દ્વારા કંપનીઝ એકટ મુજબ ફડચામાં ગયેલ કંપનીને કલમ–૪૫૪ કંપનીસ એકટ–૧૯૫૬ મુજબ કાનુની કાર્યવાહી કરી હુકમ થયાના ત્રણ માસમાં કામગીરી કરવા રીપોર્ટ કરવા હુકમ કરેલ હોય અને આ કામે ઓફીસીયલ લીકવીડેટરની જવાબદાર અધીકારી દ્વારા ગુજરાત રાજયની વડી અદાલત દ્વારા તા.૧૬.૦૫.૨૦૦૮ નો હુકમ કર્યા ને **૧૪** વર્ષ પુર્ણ થઈ ગયેલ હોય તેમ છતાં આ કેસની કાનુની કાર્યવાહી આગળ ચલાવવા યોગ્ય કામગીરી કરવા અસમર્થ રહેલ હોય તેમજ મુળ ફરીયાદી ગુજરાત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના જવાબદાર વ્યકિત તથા તેમના વિધ્વાન વકીલશ્રી આજરોજ કોર્ટ કાર્યવાહીમાં હાજર ન હોય ફરીયાદ દાખલ કર્યાને ઘણા વર્ષો વિતી ગયેલ હોય અને કોર્ટ કાર્યવાહી વર્ષોથી જે તે સ્ટેજ પર જ હોય કોઈ કાનૂની કાર્યવાહી વર્ષોથી થયેલ ન હોય જે ધ્યોને લેતાં જેથી ફરીયાદીની ફરીયાદ ફરીયાદીની ગેરહાજરીને કારણે રદ થવાને પાત્ર હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

ફરીયાદીની ફરીયાદ ફરીયાદીની ગેરહાજરીને કારણે રદ કરવામાં આવે છે.

આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા.૩૦ માહે નવેમ્બર, સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૩૦.૧૧.૨૦૨૨

સ્થળ : અમદાવાદ

(પ્રજ્ઞેશ સુધિરચંદ્ર સુચક)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
નેગો.ઈ.એકટ કોર્ટ નં. ૩૧, અમદાવાદ.
(જીજે–૦૧૧૧૮)